# અબુ જુંડાલે પૂછપરછ દરમિયાન ચોંકાવનારી માહિતી પૂરી પાડી

નવી દિલ્હી,તા. ૨૬

૨૬/૧૧ના મુંબઈના આતંકવાદી હુમલાના સંબંધમાં ઝડપાઈ ગયેલા મુખ્ય કાવતરાખોર અને લશ્કર-એ-તોયબાના લીડર અબુ જુંડાલ ઉર્ફે અબુ હમઝાએ તપાસકારોને પૂછપરછ દરમ્યાન કેટલીક ચોકાવનારી માહિતી પૂરી પાડી છે. ભારતીય સુરક્ષા સંસ્થાઓને મહત્વપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવવામા આવી છે. વિનાશકારી આતંકવાદી હુમલાના કાવતરામાં ખુટતી કડીઓ મેળવવાના પ્રયાસમાં રહેલા સુરક્ષા સંસ્થાઓને મહત્વપૂર્ણ માહિતી ઉપલબ્ધ કરાવી છે. આ શખ્સે તપાસ અધિકારીઓ સમક્ષ કહ્યુ હતુ કે ૨૬/૧૧ હુમલના સંબંધમાં કરાંચીમાં કંટ્રોલ રૂમની રચના કરવામા આવી હતી. આ કંટ્રોલ રૂમથી મુંબઈ હુમલાખોરો દ્વારા કરવામાં આવેલા હુમલા પર નજર રાખવામા આવી રહી હતી. સાથે સાથે હુમલના અંજામ આપનાર આંતકવાદીઓને જરૂરી સુચન પણ અપાઈ રહ્યા હતા. જુંડાલે કહ્યુ છે કે ૨૬મી નવેમ્બર ૨૦૦૮ના દિવસે મુંબઈમાં દસ આંતકવાદીઓ ઘુસી ગયા હતા. આતંકવાદીઓને જરૂરી સુચન આપવા માટે આ કંટ્રોલ રૂમ સ્થાપિત કરાયા હતા. કરાંચીના વીઆઈપી વિસ્તારમાં આ કંટ્રોલ રૂમની રચના કરાયા બાદ તમામ બાબતો અંગે ખાતરી કરવામા આવી હતી. આ શખ્સે તપાસકારો સમક્ષ એમ પણ કહ્યુ છે કે આઈએસઆઈના મેજર પણ હુમલા દરમ્યાન કંટ્રોલ રૂમમા હાજર હતા. આ ઉપરાંત જમાત ઉદ દાવાના વડા હફીઝ સઈદ પણ કંટ્રોલ રૂમમાં ઉપસ્થિત હતા. અબુ જુંદાલની ધરપકડને મોટી સફળતા તરીકે સુરક્ષાદળો ગણી રહ્યા છે. સુરક્ષા સંસ્થાઓ દ્વારા ૨૬/૧૧ના હુમલાઓ અંગે વધુ માહિતી એકઠી કરવામા આવી રહી છે. અબુ જુંડાલ ઉર્ફે સઈદ જદિઉદ્દીન ઉર્ફે અબુ હમઝાના ઓછામા ઓછા ૨૫થી વધુ નામ હોવાની વાત સપાટી ઉપર આવી ચુકી છે. હુમલા દરમ્યાન જીવતા ઝડપાઈ ગયેલા આતંકવાદી અજમલ કસાબ કરતા પણ તેની ધરપકડ વધુ મોટી સાબિત થઈ શકે છે. કાવતરા ખોરો અને મુંબઈ હુમલાને અંજામ આપનાર વચ્ચે તે મુખ્ય સાંઠગાંઠના રોલમાં હતો. કસાબની ધરપકડ કરતા પણ તેની ધરપકડ વધુ મોટી ગણવામા આવે છે. માસ્ટરમાઈન્ડ સાથે પણ જુંડાલના ખૂબ નજીકના સંબંધ હતા. સુરક્ષા સંસ્થાઓ મુજબ મુંબઈ હુમલા દરમ્યાન દસ આતંકવાદીઓને માર્ગદર્શન આપનાર છ હેન્ડલો પૈકી જુંડાલ એક હતો. જુંડાલ ૧૦ આતંકવાદીઓ સાથે હિન્દીમાં સેટેલાઈટ ફોન પર વાત કરી રહ્યા હતો.

## સ્વામી નિત્યાનંદના મદુરાઈ મઠ પર દરોડાથી સનસનાટી

ચેન્નાઈ,તા. ૨૬

જાતે બની બેઠેલા ગોડ મેન સ્વામી નિત્યાનંદની તકલીફમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે. સત્તાવાળાઓએ આજે સ્વામી નિત્યાનંદના મદુરાઈ મથ ઉપર દરોડો પાડતા સનસનાટી મચી ગઈ હતી. આ પ્રાંગણમાં વાઘની ચામડીઓ અને હાથીની કિમતી ચીજ વસ્તુઓ છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુસર ૧૫૦૦ વર્ષ જુના મઠ ઉપર દરોડા પાડવામા આવ્યા હતા. નિત્યાનંદે તાજેતરના એકપછી એક આરોપોનો સામનો કર્યો છે. તેમની સામે વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ હેઠળ મદુરાઈ પોલીસ દ્વારા કેસ દાખલ કરવામા આવ્યા બાદ આ દરોડા પાડવામા આવ્યા છે. વાઘની ચામડી ઉપર સ્વામી નિત્યાનંદ બેસે છે. અને તેમની પાસે હાથીની ઘણી ચીજ વસ્તુઓ પણ છે. પોલીસે ફરિયાદ નોંધાવવામા આવ્યા બાદ આ કાર્યવાહી કરી હતી. હિન્દુ મક્કલ કચ્ચીના સભ્ય દ્વારા કરવામા આવેલી ફરિયાદના આધાર ઉપર આ કાર્યવાહી આજે કરાઈ હતી. અરજીદારે આક્ષેપ કર્યો હતો કે સ્વામી નિત્યાનંદ વાઘની ચામડી ઉપર બેસે છે. પોલીસે આ જ કેસ હેઠળ મહિલા પીઆરઓ અને પૂર્વ અભિનેત્રી રણજીથા સામે પણ કેસ દાખલ કર્યો છે. આ બંને પણ એ વખતે મઠમા હાજર હતી. અરજીદારે આક્ષેપ કર્યો હતો કે તેમની એક પીણુ અપાયુ હતુ જેના કારણે તેઓ બેભાન થઈ ગયા હતા. ત્યાર બાદ સ્વામી નિત્યાનંદે ઈંગ્લીશ સંગીતપર ડાન્સ કરવાનુ કહેવામા આવ્યુ હતુ. મુદરાઈ મઠ ખાતે પાડવામા આવેલા દરોડાના સંબંધમાં નિત્યાનંદ તરફથી કોઈ પ્રતિક્રિયા અપાઈ નથી. નિત્યાનંદ એક સેક્સ સંબંધના મામલામા પણ આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. આશ્રમ હુમલા કેસમા નિત્યાનંદને હાલ રાહત મળી હતી.

## આતંકવાદીઓના ગ્રેનેડ હુમલામાં ત્રણને ઇજાઓ


શ્રીનગર,તા. ૨૬

ઉત્તર કાશ્મીરના બારામુલ્લા જિલ્લાના સોપોરે વિસ્તારમા સુરક્ષાદળો તરફ ઝીંકવામા આવેલા એક ગ્રેનેડમાં સીઆરપીએફના જવાન સહિત ત્રણ લોકો ઘાયલ થયા હતા. આતંકવાદીઓએ આજે સુરક્ષાદળોને ટાર્ગેટ બનાવીને આ ગ્રેનેડ ઝીંક્યા હતા. શ્રીનગરથી આશરે ૫૨ કિલોમીટરના અંતરે સોપોરેમાં ચનાખાન ખાતે સીઆરપીએફ અને પોલીસની પેટ્રોલિંગ ટીમ પર આ ગ્રેનેડ ઝીંકવામા આવ્યો હતો. માર્ગની બાજુએ ગ્રેનેડ બ્લાસ્ટ થતા બે નાગરિકો અને એક સીઆરપીએફ જવાનને ઈજા થઈ હતી. કોઈપણ આતંકવાદી સંગઠને હુમલા માટેની જવાબદારી સ્વીકારી નથી. આ બનાવથી સાબિત થાય છે કે આગામી દિવસોમા પણ આંતકવાદી આવા હુમલાઓને અંજામ આપી શકે છે.

## ભ્રષ્ટાચારના આક્ષેપ બાદ કેન્દ્રીય પ્રધાન વીરભદ્ર સિંહનું કેબિનેટમાંથી રાજીનામુ

શિમલા,તા. ૨૬

કેન્દ્રીય પ્રધાન વીરભદ્ર સિંહે ભ્રષ્ટાચારના કેસમાં તેમની સામે આરોપ ઘડવામા આવ્યા બાદ આજે કેન્દ્રીય કેબિનેટમાથી રાજીનામુ આપી દીધુ હતુ. આની સાથે જ તેમના સમર્થકોને આઘાત લાગ્યો હતો જો કે તેમના વિરોધીઓને રાહત થઈ હતી. સોમવારના દિવસે કોર્ટના ચુકાદા બાદથી જ એમ લાગી રહ્યુ હતુ કે વીરભદ્ર સિંહને રાજીનામુ આપી દેવુ પડશે. વીરભદ્રના સમર્થકોએ ગઈકાલે એક નિવેદન જારી કરીને કોર્ટના ચુકાદા બાદ તેમને સમર્થન આપ્યુ હતુ અને દાવો કર્યો હતો કે તેમની સામે આરોપો ઘડવાની બાબત કાવતરાના ભાગરૂપે છે. તેમના રાજીનામા બાદ આ વર્ષે યોજાનારી આગામી વિધાનસભાની ચૂંટણીમાં વીરભદ્રસિંહ પક્ષનુ નેતૃત્વ કરશે કે કેમ તેને લઈને અટકળોનો દોર શરૂ



થઈ ગયો છે. કોંગ્રેસના ધારાસભ્ય અને વીરભદ્ર સિંહના નજીકના સાથી મુકેશ અગ્નિહોત્રીએ કહ્યુ છે કે રાજીનામુ આપીને ઉંચી પરંપરા જાળવી રાખવામા આવી છે. વીરભદ્ર સામે સમ્રગ કેસ રાજકીય રીતે પ્રરિત છે. મુખ્યમંત્રી પ્રેમકુમાર ધુમાલ અને રાજ્ય પોલીસે તેમની સામે કાવતરુ ઘડી કાઢ્યુ છે. પંરતુ અમે રાજકીય રીતે અને કાયદાકીય રીતે લડત ચલાવીશુ. બીજી બાજુ રાજ્ય ભાજપના પ્રમુખ સતપલા સેટ્ટીએ કહ્યુ છે કે કોર્ટના આદેશ બાદ રાજીનામુ આપવાની જરૂર હતી. નૈતિક જવાબાદરી સ્વીકારીમા વીરભદ્ર સિંહે ૨૩ વર્ષ લીધા છે. કોર્ટનો આદેશ સાબિત કરે છે કે કોંગ્રેસ પક્ષમાં ભ્રષ્ટ નેતાઓ વર્ષોથી સક્રિય થયેલા છે. બીજી બાજુ વીરભદ્ર સિંહના નજીકના સૂત્રોએ કહ્યુ છે કે આગામી દિવસોમા કાયદાકીય લડતેના જારી રાખવામા આવશે. વીરભદ્ર સિંહ રાજ્યમા આવી પહોંચ્યા બાદ હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચૂંટણી માટે નવી વ્યૂહરચના ઘડી કાઢવામા આવશે. છઠ્ઠી અવધિ માટે વીરભદ્ર સિંહને મુખ્યમંત્રી બનાવવાની આશા હજુ જારી છે. બીજી બાજુ કોર્ટના ચુકાદા બાદ વીરભદ્ર સિંહના હરીફોમા ચર્ચા જારી છે. કોંગ્રેસની અંદર પણ તેમના અનુગામી શોધી કાઢવાની ચર્ચા ચાલી રહી છે. રાજ્ય કોંગ્રેસના પ્રમુખ કોલસિંહે કહ્યુ હતુ કે તેઓ પોતે પણ મુખ્યમંત્રી માટેની સ્પર્ધામાં છે. વીરભદ્ર સિંહે ૨૩મી જૂનના દિવસે સિમલમાં એક વિશાળ રેલી યોજી હતી અને આમા તેઓએ મુખ્યમંત્રી પદના દાવા માટેનો સંકેત આપ્યો હતો. હવે રાજ્યમાં કોંગ્રેસની અંદર લડી રહેલા જુથોમાં સર્વોપરિતાની અંતિમ લડાઈ શરૂ થઈ ચુકી છે.

## રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર સંગમા હવે મમતાને મળ્યા

કોલકત્તા,તા. ૨૬

રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર પીએ સાંગમાએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી સાથે વાતચીત કરી હતી. સાંગમાંએ ટોચના હોદ્દા માટે તેમની દાવેદારીને ટેકો આપવાની જોરદાર માંગણી કરી હતી. સોમવારે મોડી રાત્રે સાંગમા કોલકત્તા પહોચ્યા હતા અને તેઓ સીધા તૃણમુલ કોંગ્રેસના વડાને મળવા માટે પહોંચી ગયા હતા. શાસક યુપીએમાં સૌથી મોટા બીજા ઘટક પક્ષ તરીકે તૃણમુલ કોંગ્રેસ છે. તૃણમુલ કોંગ્રેસે તેમના પસંદગીના ઉમેદવાર ભુતપુર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામ બાદ તેમની બીજી પસંદગી અંગે ઉમેદવારના નામની જાહેરાત કરી નથી. યુપીએ તરફથી પ્રણવ મુખર્જી ચુંટણી મેદાનમાં છે. અન્ના દ્રમુક અને બીજુ જનતાદળ દ્વારા સાંગમા ટેકો ધરાવે છે. મમતા બેનર્જી હજુ સુધી પ્રણવની દાવેદારીની વિરૂદ્ધમાં છે.

## આઈઆઈટીના ડિરેક્ટરો સાથે આજે સિબ્બલની મહત્વની મીટિંગ

નવી દિલ્હી,તા. ૨૬

માનવ સંસાધન વિકાસ પ્રધાન કપીલ સિબ્બલે મણાગાંઠનો અંત લાવવા આવતીકાલે આઈઆઈટીના ડિરકેટરો સાથે મહત્વપૂર્ણ મીટિંગ યોજવાનો નિર્ણય કર્યો છે. કોમન એન્ટ્રેસ એકઝામના વિવાદના ઉકેલવા આ મીટિંગ યોજાનાર છે. એકબાજુ સરકારની નવી દરખાસ્ત સામે આઈઆઈટી પૈકીની કેટલીક સંસ્થઆઓએ વાંધો ઉઠાવ્યો છે. કપિલ સિબ્બલ આઈઆઈટી કાઉન્સિલની મીટિગનુ નેતૃત્વ કરશે. આઈઆઈટી કાઉન્સિલ





આઈઆઈટી ડિરેકટરો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓની બનેલી સર્વોચ્ચ સંસ્થાઓને નિર્ણય લેતી સંસ્થા છે. ગયા શનિવારે મીટિંગ મળી હતી. પરંતુ વિવાદ યથાવત રહ્યો હતો. જોઈન્ટ એડમીશન બોર્ડ દ્વારા અપનાવામા આવેલા વલણ ઉપર પણ મીટિંગમા ચર્ચા થશે. એક સમાધાન ફોર્મ્યુલા શોધી કાઢવામા આવી છે. વર્તમાન મણાગાઠનો અંત લાવવા માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા આ ફોર્મ્યુલા તૈયાર કરવામા આવી છે. આઈઆઈટી દિલ્હી અને આઈઆઈટી કાનપુરે એવા આધાર ઉપર સૂચિત ફોરમેટને ફગાવી દીધી છે કે આ પરીક્ષા શૈક્ષણિક રીતે ખામી ભરેલી છે. સમાધાન ફોર્મ્યુલા મુજબ આઈઆઈટી જોઈન્ટ એડમીશન બોર્ડે મુખ્ય અને એડવાન્સ ટેસ્ટ વચ્ચે યોગ્ય સમયઅંતરની માંગ કરી છે જેથી મુખ્યના પરિણામ એડવાન્સ પહેલા ઉપલબ્ધ થાય અને માત્ર ટોચના ૧૫૦૦૦૦ ઉમેદવાર જ એડવાન્સ ટેસ્ટમાં મુખ્યમા ઉપસ્થિત રહી શકે. સરકારે ૨૮મી મેના દિવસે જાહેરાત કરી હતી કે વર્ષ ૨૦૧૩થી નવી ટેસ્ટની પ્રક્રિયા શરૂ થશે જે હેઠળ આઈઆઈટી અને એનઆઈટી અને આઈઆઈઆઈટી જેવી શૈક્ષણિક સંસ્થાઓ માટે ઈચ્છુક ઉમેદવારોને નવી ફોર્મેટ હેઠળ આવરી લેવામા આવશે. જે હેઠળ સીઈટી યોજાશે. આઈઆઈટી કાઉન્સિલ અન્ય પાસાઓ ઉપર પણ ચર્ચા કરી શકે છે.

## મારુતિ સુઝુકી ઈન્ડિયા આ વર્ષના અંત સુધી નવી ૮૦૦ સીસી કાર લોન્ચ કરવાની તૈયારીમાં

નવી દિલ્હી,તા. ૨૬

મારુતિ સુઝુકી ઈન્ડિયા આ વર્ષના અંત સુધી નવી ૮૦૦ સીસી કાર લોન્ચ કરવાની તૈયારીમાં છે. મારુતિનો દાવો છે કે આ કાર વધારે અસરકારક અને લોકોને ગમશે. આ કાર ફયુઅલની દષ્ટિએ નાણા બચાવશે જો કે વધુ મોંઘી પણ હશે. હાલમા મારુતિની સૌથી વધુ જે કાર વેચાય છે તે અલ્ટો કરતા મારુતિ ૮૦૦ સીસી કારની કિંમત વધારે હશે. સૂત્રોએ કહ્યુ છે કે કંપની જુલાઈ અથવા ઓગસ્ટથી તેના ગુડગાવ પ્લાન્ટમા આ કાર વાણિજ્ય રીતે બનાવવાની શરૂઆત કરશે. દિવાળી સુધી આ કાર લોન્ચ થઈ જશે. સૂત્રોનુ કહેવુ છે કે મારુતિ ૮૦૦ સીસી કારમા નવી ટેકનોલોજીનો ઉપયોગ કરવામા આવશે. હાલમાં બે ૮૦૦ સીસી કરાને જે મોડલ છે તેના કરતા આ કારમાં આધુનિક ટેકનોલોજી હશે. જેથી આ કાર મારુતિ ૮૦૦ અને અલ્ટો કરતા વધારે મોંઘી



હશે. એમસીઆઈએ પ્રવર્તમાન એન્જીનને પણ અપગ્રેડ કરવાનો નિર્ણય કર્યો છે સાથે સાથે ઉત્પાદન ખર્ચને ઘટાડાવના હેતુસર એકંદરે ફેરફાર કરવાના બદલે અલ્ટોના પ્લેટ ફોર્મમાં અપગ્રેડ કરવાનો નિર્ણય કર્યો છે. કંપનીની સત્તાવાર વેબસાઈટ મુજબ મારુતિ ૮૦૦ની કિંમત ૨.૦૫ લાખ અને ૨.૩૦ લાખ વચ્ચે છે જ્યારે અલ્ટોની કિંમત ૨.૪૦ લાખથી ૩.૪૩ લાખની વચ્ચે છે. અલ્ટોની ૧૦૦૦ સીસીની કિંમત ૩.૧૪થી ૩.૩૧ લાખ વચ્ચે છે. આ તમામ કિંમત દિલ્હીના એક્સશો રુમની છે. સંપર્ક કરવામા આવતા મારુતિ સુઝુકીના પ્રવક્તાએ વધુ માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો હતો. કંપનીએ પહેલાથી જ ડેવલપમેન્ટા જુદા જુદા તબક્કાના ટેસ્ટ ઉત્પાદનની પ્રક્રિયા પૂરી કરી દીધી છે. કારનો કોમર્શિયલ પ્રોડક્શન જુલાઈ અથવા ઓગસ્ટમા શરૂ થશે. દિવાળી સુધી આ કારને લોન્ચ કરવામા આવશે. ગુડગાવ પ્લાન્ટમા આ કાર બનાવવામા આવશે. કંપની ચોક્કસ સેડમાં મારુતિ ૮૦૦નુ વેચાણ બંધ કરી ચુકી છે.

## વિલાસરાવ દેશમુખ જુબાની માટે કમિશનની સમક્ષ હાજર

મુંબઈ,તા. ૨૬

કેન્દ્રીય પ્રધાન વિલાસરાવ દેશમુખ સનસનાટી પૂર્ણ આદર્શ હાઉસિંગ સોસાયટી કૌભાંડના સંબંધમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા રચવામા આવેલા બે સભ્યોના જ્યુડિશિયલ પંચ સમક્ષ જુબાની આપવા માટે ઉપસ્થિત થયા હતા. તેમની જુબાની નોંધવામાં આવી હતી. દેશમુખ હાજર થતા રાજકીય ગરમી વધી ગઈ હતી. જયારે વિવાદાસ્પદ સોસાયટીનો



લીલીઝંડી આપવામા આવી ત્યારે વિલાસરાવ દેશમુખ રાજ્યના મુખ્યમંત્રી હતા. પર્યાવરણ અને અન્ય ધારાધોરણોનો ભંગ કરીને આદર્શ સોસાયટીને લીલીઝંડી આપવામા આવી હતી. વિલાસરાવ દેશમુખ ૧૯૯૯-૨૦૦૩ વચ્ચે અને ૨૦૦૪-૨૦૦૮ વચ્ચે બે વખત રાજ્યના મુખ્યમંત્રી હતી. તેઓ સાક્ષી તરીકે જ્યુડિશિયલ પંચ સમક્ષ ઉપસ્થિત રહ્યા હતા. જમીનની ફાળવણી કરવાનો નિર્ણય મુખ્યમંત્રી તરીકેના તેમના ગાળા દરમ્યાન લેવામા આવ્યો હતો. એ વખતે તેઓ શહેરી વિકાસ ખાતુ પણ ધરવાતા હતા. એડીશનલ ફલોર સ્પેસ ઈન્ડેક્ષને પણ મંજૂરી આપવામા આવી હતી. એવો આક્ષેપો કરાયો હતો કે તેઓએ સંરક્ષણ અધિકારીઓની તરફેણમાં ૧૫ વર્ષના ડોમીશાઈલ નિયમોમા છૂટછાટ આપી હતી. ગઈકાલે પેનલ સમક્ષ તેમની જુબાનીને કેન્દ્રીય ઉર્જા પ્રધાન અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુશીલ કુમાર સિંદેએ દેશમુખ ઉપર દુષારોપણના પ્રયાસો કર્યા હતા અને કહ્યુ હતુ કે સોસાયટીને જમીનની ફાળવણી કરવા અને એફએસઆઈ આપવાનો નિર્ણય રાજ્ય સરકારનુ નેતૃત્વ દેશમુખ કરી રહ્યા હતા ત્યારે લેવામા આવ્યો હતો. કમિશન પહેલાથી જ એવા તારણ પર પહોચી ચુકી છે કે આ જમીન રાજ્ય સરકારની માલિકીની છે. સંરક્ષણ મંત્રાલયની નથી. સોસાયટીને જુદી જુદી મંજૂરી આપતી વેળા કોઈ નિયમોનો ભંગ કરાયો હતો કે કેમ તેમા હાલ તપાસ ચાલી રહી છે. આ કેસમા આરોપી રહેલા બીજા એક ભૂતપૂર્વ મુખ્યમંત્રી અશોક ચ્વાહણ પણ પંચ સમક્ષ ૩૦મી જૂનના દિવસે ઉપસ્થિત થનાર છે. હાઈકોર્ટના નિવૃત જજ જે એ પાટીલ પંચનુ નેતૃત્વ કરી રહ્યા છે. સીબીઆઈ ઉપરાંત એનફોર્સમેન્ટ ડિરોકટોરેટ અને ઈન્કમટેક્સ વિભાગ દ્વારા પણ તપાસ કરવામા આવી રહી છે. આગામી દિવસો પૂર્વ પ્રધાનો માટે કાયદાકીય ગૂંચવણ વાળા હોઈ શકે છે.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

એનાં માટે આ બધું નવું હતું, પણ મિત્રોએ એને વ્યવસ્થિત ટ્રેનિંગ આપી, મફતમાં સિગારેટની વ્યવસ્થા કરી આપી!! હવે નેહા બિયર તો માત્ર જવનું પાણી જ છે એવું મિત્રોનું માની ચિયર્સ પણ કરવાં લાગી!!

નેહા આપણે કરીએ છીએ સાચું કે ખોટું? આવું કરવાથી આપણાં શરીર પર શું અસર થશે? આપણાં સગાં કે મા-બાપ જોઈ જશે તો એમની શું હાલત થશે? આવાં વિચાર કરવાની જગ્યાએ એનાં ગૃપની ઈમેજની ચિંતા હતી. આપણે જો અન્ય ગૃપનાં મિત્રોની જેમ સિગારેટ - દારૂ નહીં પીએ તો બધાંથી અલગ થઈ જઈશું અને આપણું ગૃપમાં રહેલું સ્થાન હલી જશે એવું એને કાયમ લાગતું અને એટલે જ ગૃપમાં એની જગ્યા મજબૂત કરવાં નેહા સ્મૉકિંગ અને ડ્રિંકીંગ તરફ વળી ગઈ!! ધીમે ધીમે નેહા વ્યસની બની ગઈ. બિયરની પાછલ હાર્ડ ડ્રીંક અને સિગારેટની સાથે અફાણ - ચરસનાં કશ પણ આવી ગયા... અભ્યાસમાં તેજ તોખાર નેહા નાપાસ તો ના થઈ પણ એનું પરિણામ લપસણી પરથી લપસીએ એમ જ માર્કસ ગગડવાં લાગ્યાં!!

**મોરલ : દેખાદેખી કરવી હોય તો ભણતરની કરાય, સિગારેટ - દારૂની ના કરાય. ગૃપનું મહત્ત્વ વધારે કે મા-બાપનું?**

### એ નક્કી કરી ને જ ભણવાની કૉલેજમાં પગ મુકવો.

**સત્ય ઘટના - ૩**

ગાંધીનગરની એક પ્રખ્યાત કંપનીમાં માર્કેટીંગ વિભાગમાં મહેશ પટેલ કામ કરે અને શિક્ષકનો દીકરોને ભણવામાં - બોલવામાં હોંશિયાર અને એ હોંશિયારી માર્કેટીંગમાં કામમાં આવી ગઇ... કૉલેજમાં ભણતી વખતે થર્ટી ફર્સ્ટની પાર્ટીમાં મહેશે પહેલીવાર બિયર ટેસ્ટ કરેલી. એકાદ વખત સિગારેટ પણ ટ્રાયલ ખાતર ટેસ્ટ કરી જોઇને શાંત થયેલો!

મહેશ કૉલેજ કરવા વડોદરા હોસ્ટેલમાં રહેતો ત્યાં જ એને એને ધીમે ધીમે સિગારેટની ટેવ લાગી ગઈ. વૅકેશનમાં ઘરે આવેલા મહેશનાં મોંઢામાંથી સિગારેટની વાસ આવતાં મમ્મીએ પૂછ્યું તો કંઈક બહાનું બતાવી એ સમય બચાવી લીધો. કૉલેજ પૂરૂં કરતાં સુધીમાં તો મહેશ દિવસની બે સિગારેટ અને મહિને એકાદ વખત ડ્રિંક્સ જેટલો વ્યસની તો થઈ જ ગયો હતો... માર્કેટીંગ જેવી મનગમતી જૉબ મળી અને બહારગામનાં ફેરા અને હૉટેલમાં રહેવાનું થવાં લાગ્યું. દારૂ અને સિગારેટ પરનું પ્રમાણ હવે મહેશનું વધી ગયું!!

એકવાર રાત્રે મોડાં આવેલાં મહેશનાં મોંએ દારૂની દુર્ગંધ આવતાં મમ્મીએ પકડી પાડ્યો તો, ‘‘મમ્મી માર્કેટીંગની જૉબ છે કયારેક કલાયંટ સાથે લેવી પડે છે’’ કહીને મમ્મીને ભોળસાવી દીધી... આ બધું ચાલતું હતું ત્યાં જ મહેશની વર્ષો જૂની બહેનપણી કે જેનાં સાથે મહેશને લગ્ન કરવાં હતાં એ મિતાલીએ એની સાથએ લગ્ન કરવાની સાફ ના પાડતાં મહેશની હાલત દેવદાસ જેવી થઈ. પ્રેમભંગના દુ:ખમાંથી બચવા દારૂની બૉટલ નજીક કરી, હવે એ ‘રેકડી’ થઈ જાય એટલી હદે દારૂ પીવા લાગ્યો... મા-બાપની બીક શરમ તો હવે એ ઘોળીને પી ગયો. રોજ સાંજે ઑફિસથી આવીને મિત્રોનાં ઘરે પૅગ મારીને જ આવતો થયો!!

**મોરલ : ‘દારૂ દારૂડીયાને જ નથી ખતમ કરતો એનાં પુરા પરિવારને ખાઈ જાય છે.’ વાક્ય ઘુંટી રાખવાં જેવું ખરૂં, દારૂનાં નશામાં ચૂર થઈને નોકરી કે છોકરી બંને ગુમાવવાનો ભય રહેલો છે.**

ઉપરની ત્રણેય સત્ય ઘટનાનું તાત્પર્ય એટલું જ કે નશો જીવાડતો નથી પણ જીવતે જીવ ખાક કરી નાંખે છે. સ્વપ્નાનો નહીં પણ જિંદગીનો ચૂરો કરી નાંખે છે... સિગારેટનાં ઘુમાડામાં જિંદગીનાં દરેક પ્રશ્નો, તાણાવાણા, ચિંતા મટી જાય છે? અતિ આનંદ થાય એટલે દારૂની છોળો ઉડાળવાની? ખુબ દુ:ખ થાય એટલે બિયર બારમાં દુ:ખને દારૂથી પલાળવાનું? એટલે શું ખરેખર દુ:ખ મટી જાય?

ગુટખા - પડીકી ખાવાથી કિક વાગે ને કામ ઝડપથી થાય, એવી કિક લાગે ખરી? પછી એક પછી એક ગુટખા અને મસાલા કિક નો કોઈ અંત ખરો? ગાંજો, અફીણ, ચરસ, રેવ પાર્ટી, ચલમ આ બધી ધુમાડા કાઢતી વસ્તુઓ કોનો ધુમાડો કાઢે છે? કયારેક તો આપણાં મિત્રો જ આપણને નશાખોર બનાવે છે, ત્યારે જવલ્લે બચાવે પણ છે!!

વ્યસનને આધીન થવાં કરતાં, એનાંથી દૂર જ સારાં, યૌવન અને મોજ મસ્તીમાં ‘થ્રીલ’ મેળવવા શરૂ કરેલો આ ખેલ મોં, ફેફસાં, કલેજામાં ડ્રીલ કરી નાંખે છે, જિંદગીની સાથે નશાખોરીની છેડછાડ એટલે ઉપર વર્ણવેલાં કિસ્સાનાં પાત્રમાં ફેરબદલી કરી આપણી જાતને મુકવાની વાત છે!!

**ચૂંટલો :**

**ટીનેજર્સ જેવી ઉછળતી ઉંમર, સમાજ સામે બળવો પોકારવાની હિંમત, નવાં અખતરાં કરવાનું આહ્વાહન સિગારેટ, ગુટખા, દારૂ જેવાં વ્યસનને બારણે લઈ જાય છે, જો ફસાયા તો ગયાં અને બચી ગયાં તો કંઈક બની જવાનાં!!**

## નવાં ક્લેવર (પાના નં. ૪ નું ચાલુ)

વરસાદ એકદમ અટકી ગયો હતો. ગેરેજની સાઈડમાં પડેલાં સ્કૂટરો રોડ પર આવવા લાગ્યા. લોકો ધમાધમ સ્કૂટર સ્ટાર્ટ કરીને જવા લાગ્યા હતા. મારા તરફ જોઈને પત્ની એ પૂછ્યું, ‘આમ અચાનક તમને શું થઈ ગયું છે. તમારા ગાલ પર આ આંસુ... શું ફિલ્મ એટલી બધી ભાવુક હતી?’

મેં મનમાં વિચાર્યું કે મારી પત્ની કેટલી ભોળી છે. મને કોણ જાણે એવું કેમ લાગે છે, આ બધું આ પહેલાં બની ચૂક્યું છે.

આમાં આજે નવું કંઇ બની રહ્યુ નથી. ધીરે ધીરે અમે ત્રણેય જાણે કે, પુર્નજન્મના કોઇ કાળખંડમાં પ્રવેશ કરી રહ્યાં હતા. આ અતિત, વર્તમાન અને ભવિષ્યને ભેગા કરનાર કોઈ ત્રિભેટો હતો. તેના પર અમે ઊભાં હતા.

‘પપ્પા ખાસ કંઇ છે.’ આ વખતની ગંભીરતાને જોતાં દીકરાએ પૂછ્યું. ‘મમ્મી પપ્પાને મેંટલ હૉસ્પિટલમાં બનાવવું જોઈએ, ત્યાં ડૉ. ભટ્ટાચાર્ય તેમના ખાસ મિત્ર છે.’

મારી પત્ની એકદમ સ્તબ્ધ રહી ગઈ. હાં, મારો દીકરો શું કહેવા માંગે છે. તે હું સારી રીતે સમજતો હતો. તેમાં બીજો કોઈ સવાલ ન હતો. બસ વાત ખુબ જલ્દી ક્વિક ડિસીજન લઈ. કોઈ કારણ બતાવ્યા વિના સીધી જ કહેવામાં આવી હતી. મારી પત્નીને એક જ વાતનો અફસોસ હતો.

હું ડિપ્રેશન નો શિકાર તો કેટલાય દિવસથી હતો જ. તેના કારણો પણ ઘણાં હતાં.

મારી પત્નીને કેન્સરનું બીજું સ્ટેજ હતું.

અને મને સૌથી મોટી તકલીફ થતી હતી. દેશ બાબતે વિચાર કરીને ચૂંટણી નજીક આવતી હતી. બાબા રામદેવ અને અન્નાએ ભેગા મળી આંદોલન શરૂ કર્યું હતું. મોંઘવારી અને ભ્રષ્ટાચાર વધતો જતો હતો. અને મારી પાસે સિક્સ્ટી ફાઈવના મૉડેલનું લેમ્બ્રેટા હતું. પેટ્રોલના ભાવ વધવા છતાં અમે ત્રણ તેના પર બેસી શહેરમાં ફરતાં હતાં.

મારી આંખમાં ફરી આંસુ આવ્યા. કોણ જાણે કેમ હું વારંવાર રડી પડ્યો હતો. આ રસ્તો નહીં જાણે કે રંગમંચ હોય. જાણે કે, અહીં મારી પાસે ઉભેલી મારી પત્ની તે મારી પત્ની નહીં પણ કોઈ કેરેક્ટર હોય. જાણે કે સ્કૂટરની સર્વિસ કરતો કારીગર અને તેના હેલ્પર પણ કેરેક્ટર હોય, જે બધા એક સિરિયલનાં અંગત રૂપે તેના ભાગ બની રહ્યા હોય. હું ખરેખર કોઈ ઊંડે ઊંડે ઉતરી જતો હતો. ત્યારે બધુંય મને કંઈક બદલાયેલું દેખાતું હતું.

આ સ્થિતિને એક નવું જ રૂપ આપતો હોય તેમ કારીગર મારી પાસે આવ્યો. અને મને કહેવા લાગ્યો. ‘સર, આ તમારા સ્કૂટરની મેં સર્વિસ તો કરી છે પણ એ મને કંઈક અલગ લાગવા માંડ્યું છે. તેને અડકીને જોયું છું તો કોઈ માનવ સ્પર્શ જેવી ફીલીંગ થાય છે. આ સ્કૂટર મારી પાસે કંઈક માંગી રહ્યું છે.’

તે માંગે છે તમારી પાસે એક મોટું બલિદાન.’

હું તેની વાત થોડી સમજી રહ્યો છું. મારી પત્ની પણ કંઈક બદલાયેલી લાગે છે. દીકરામાં પણ પરિવર્તન દેખાઈ રહ્યું છે. પણ તે વધુ ગંભીર નથી. હું સ્કૂટર રીપેર કરનાર કારીગરને પૂછું છું. ‘આ સ્કૂટરને મારી પાસે એવું તે શું બલિદાન જોઈએ છે.’

‘એ બલિદાન વિચિત્ર છે. તે તમારી પત્નીના હાથ અને પગ માંગે છે. હાલ અને હમણાં જ.’

‘તેમાં શું થયું?’ હું કારીગરને પૂછું છું. કેમ કે, એ કોઈ મોટા કામ માટે આગળ વધી રહ્યો છે. આ સ્કૂટરમાં હવે મને દેવત્વના દર્શન થવા લાગ્યો છું, કે પછી કોઈ જિન્ન કે કંઈ બીજું...’

કારીગરના શરીર તેના હાવભાવ અને વાતચીતમાં બિલકુલ પરિવર્તન આવી ગયું છે. તે બદલાઈ ગયો છે.

મારી પત્ની પણ કહે છે કે હું તૈયાર છું. મારા હાથ, પગ આપવા માટે, ઈટ્સ માય પ્લેઝર જો સ્કૂટર ને મારા હાથ પગ જોઈતા હોય તો.’

‘હાં, કોઈ મોટા જનકલ્યણના કામ માટે તેને હાથ પગ જોઈએ છીએ. એ તો હું પણ આપી શકું તેમ છું અને મારો દીકરો પણ...’

હાથ પગ તો મમ્મી ના જ આપી શકાય તેમ છે. તે ઘરમાં એકલી પડી રહે છે. આજકાલ બહુ કંટાળી જાય છે. બૉર થઈ જાય છે. વળી હું તો હજુ ઘણું કરવાનું વિચારી રહ્યો છું. તમારા પણ ઘણાં સપનાં અધુરાં છે. તમારે હજુ ઘણાં કથાનકો લખવાનાં છે. જેના પરથી ફિલ્મો બનશે.

કારીગર કહે છે કે, આ હાથ પગ લઈ તેની જગ્યાએ સ્કૂટરનાં પૈડાં લગાવી દઈશ. પૈડાંથી તે હરીફરી શકશે. ગવન્ડર તેની ગરદનમાં લગાવી દઈશ, જેનાથી કામ ચાલી જશે. બરાબર ને બાકી - મા તુઝે સલામ.

પણ આ બધું શા માટે? મેં પૂછ્યું. જો કે હું જાણતો હતો કે, આ પરિવર્તન જરૂરી છે, અને સ્વાભાવિક હતું જ. એકાએક સામે આવેલી નવી પરિસ્થિતિ કે નાટકની જેમ. કદાચ આ કોઈ નવી ફિલ્મ પણ હોય.

મારી પત્ની તૈયાર હતી. તેને સ્કૂટરના અંગો પોતાના શરીરમાં લગાડી દીધા. જન કલ્યાણ માટે કારીગર સ્કૂટરને લઈ કયાંક દૂર દૂર ચાલી નીકળ્યો.

હું વિચારતો હતો. હું કોણ? આ દેશનો એક સામાન્ય નાગરિક.

- vanvihari@gmail.com